જાહેર સાહસોના નિયામકોને નિયામક
મંડળ/સમિતિની બેઠકમાં હાજરી આપવા
બદલ ચૂકવવામાં આવતી ફી બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ.
ઠરાવ ક્રમાંક:- જનવ/૧૦-૨૦૧૪/૪૭૩૯૦૨(પ)/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬/૦૯/૨૦૧૪

વંચાણમાં લીધા:-

(૧) ઠરાવ ક્રમાંક: જનવ-૧૦૨૦૦૭-યુઓ-૨૫૫-અ. તા.૨૭-૦૫-૨૦૦૮.

(૨) ઠરાવ ક્રમાંક: જનવ-૧૦૨૦૦૭-યુઓ-૨૫૫-અ. તા.૨૮-૦૩-૨૦૧૨.

**પ્રસ્તાવના:**

રાજયના જાહેર સાહસોના નિયામક મંડળ/સમિતિની બેઠકમાં હાજરી આપવા બદલ ચૂકવવામાં આવતી સીટીંગ ફીનો દર ઉકત વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) આગળના ઠરાવથી નકકી કરવામાં આવેલ હતો. જેનો ઘણો સમય પસાર થઇ ગયેલ હોઇ, તેમાં સુધારો કરવાનું સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાના અંતે હવેથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

તા.૧/૦૯/૨૦૧૪થી રાજયના તમામ જાહેર સાહસોના નિયામક મંડળ/ સમિતિની બેઠકમાં હાજરી આપવા બદલ ચૂકવવામાં આવતી સીટીંગ ફીના નવા દર નીચે મુજબ રહેશે.

| ક્રમ | હાલ મળવાપાત્ર સીટીંગ ફી | નવી સીટીંગ ફી |
|---|---|---|
| ૧ | સરકારી ગ્રાન્ટ પર અથવા સરકારે સોંપેલી યોજનાઓની અમલવારીથી જમા થતી આવક ઉપર આધારીત અને ખોટ કરતાં હોય તેવા જાહેર સાહસો માટે બેઠક દીઠ રૂા.૧,૦૦૦/- | બેઠક દીઠ રૂા. ૧,૫૦૦/- |
| ૨ | સરકારી ગ્રાન્ટ પર અથવા સરકારે સોંપેલી યોજનાઓની અમલવારીથી જમા થતી આવક ઉપર આધારીત અને સાથે-સાથે ખોટ ના કરતાં હોય તેવા જાહેર સાહસો માટે બેઠક દીઠ રૂા. ૨,૦૦૦/- | બેઠક દીઠ રૂા. ૩,૦૦૦/- |
| ૩ | અન્ય જાહેર સાહસો માટે બેઠક દીઠ રૂા. ૫૦૦૦/- | બેઠક દીઠ રૂા. ૭,૫૦૦/- |

ઉકત વંચાણમાં લીધેલ ઠરાવોની બાકીની તમામ સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
ઉપ સચિવ (જા.સા)
નાણા વિભાગ

નકલ રવાના:

\# - નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી,(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણા)ના અંગત અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (જા.સા.) અને સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,સચિવાલય,નાણા વિભાગ, ગાંધીનગર.
- સર્વે મેનેજીંગ ડીરેક્ટરશ્રીઓ/મુખ્ય કારોબારી અધિકારીશ્રીઓ, સરકારી કંપની/નિગમ/બોર્ડ,ગુજરાત રાજ્ય
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર- વેબ સાઇટ પર મુકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ
- ------------------------------------------------------

\# પત્ર દ્વારા